**<u>કલે.પરચુ. અરજી નં. ૨૮૭/૨૫ ના કામે અરજદારની પેમેન્ટ અરજી આંક–૧ હેઠળ</u>**

**<u>હુકમ :–</u>**

(૧) અરજદારને સાંભળ્યા, અરજી વંચાણે લીધી, હાલની અરજી અરજદારના અકસ્માતના બનાવના આધારે કલેઈમ કેસ નં. ૪૩૮/૦૫ નો દાખલ કરેલ જે અકસ્માત વળતરના કલેઈમ કેસમાં નામદાર ટ્રીબ્યુનલ (ઓકઝી.), જૂનાગઢનાઓએ તા. ૨૨–૦૭–૧૮ ના રોજ હુકમ, એવોર્ડ કરેલ છે તે મુજબ વળતરની રકમ સામાવાળા વિમા કંપનીએ જમા કરાવેલ હોય તે રકમ અરજદારને ચુકવવા માટે હાલની અરજી કરેલ છે.

(૨) નામદાર ટ્રીબ્યુનલ (ઓકઝી.), જૂનાગઢના હુકમ મુજબ વળતરની રકમ રૂા. ૪૫,૧૫૫/– એફ.ડી.રીલીઝ થતા જમા થયેલ છે જે સામાવાળાએ હુકમ અન્વયે રકમ જમા કરાવેલ હોવાનું નાઝીરશ્રી, ડીસ્ટ્રીકટ કોર્ટ, જુનાગઢનો આંક–૧ લગતનો શેરો વંચાણે લેતા જણાય છે. પરંતુ, આ કામનુ રેકર્ડ જોતા હાલની અરજીના અરજદાર સદરહુ કલેઈમ કેસના પક્ષકાર છે કે કેમ ? તે જણાતુ નથી. વધુમાં જે એફ. ડી. છે તે અરજદારના નામે છે કે કેમ ? તે જણાતુ નથી તેમજ અરજદારને વળતર ચુકવવુ કેવી રીતે કારણ કે, તે અંગેની બેંક ડીટેઈલ પણ જણાવેલ નથી. આમ, સદરહુ હકીકતો ધ્યાને લેતા હાલની અરજી ઉપરોકત કારણો ધ્યાને લઈ ન્યાયના હીતમાં મંજુર થવાપાત્ર ન હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>–:: હુ ક મ ::–</u>**

હાલની આ અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

આ હુકમ આજ તા. ૨૯ મી, માહે–એપ્રિલ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

જૂનાગઢ.

તારીખ ૨૯–૦૪–૨૦૨૬

**(હિતેશ ગીરીશભાઈ દામોદ્રા)**
એમ.એ.સી.ટી. (ઓકઝી.)
જૂનાગઢ.
(જી.જે.૦૧૦૦૫)